॥ सा विद्या या विमुक्त ये ॥

# શારદા

વર્ષ ૫ | નવેમ્બર ૧૯૮૪ | અંક : ૫

## શ્રીમતી ઇન્દિરા ગાંધી

૧૯૮૪ના વર્ષના અંત ભાગમાં ૩૧ ઓકટોબરના રોજ સવારે જે આઘાતજનક ઘટના બની તેથી ૧૯૪૮ની શરૂઆતમાં ૩૦મી જાન્યુઆરીનાં રોજ સાંજની આઘાતજનક ઘટનાની યાદ આવી. આ દેશની એકતા માટે એક ગાંધીનું બલીદાન અધૂરૂ હોય તેમ તેવા જ આદર્શ માટે બીજા ગાંધીનું બલીદાન લેવાયું.

શ્રીમતી ગાંધી મૃત્યુ પામ્યા હોય તેમ, આજે પણ એમના અસ્થિ હિમાલયની ગિરિમાળાઓમાં સમાયા પછી પણ માની શકાતું નથી. ભારતની ચેતનાનું તેઓ પ્રતિક બની ગયા હતા. પ્રશંસકો અને તેમના ટીકાકારો સૌ માટે એમનું મૃત્યુ અસહ્ય બન્યું. છેલ્લા લગભગ બે દાયકા શ્રીમતી ગાંધી અને ભારત–'ઇન્ડિયા અને ઇન્દિરા' પર્યાયવાચક બની ગયા હતા.

સંપર્કમાં આવનાર સૌની સાથે માનવીય ઉષ્માભર્યા વ્યવહારથી એમનાં જતાં, ઘણાની આંખો એ સંબંધની યાદમાં ભીની બની, તેમાં જાણે સૌ સહભાગી હતા. નાની વિગતોભર્યો એમનો ઉષ્માભર્યો વ્યવહાર, કામના આટલા બોજા છતાં તેઓએ દાખવ્યો. જવાહરલાલજીને કોઈકે 'સંસ્કૃતિનાં પુષ્પ' તરીકે ઓળખ્યા છે. શ્રીમતી ગાંધી માટે પણ 'સંસ્કૃતિનું પુષ્પ' એટલી જ બંધ બેસતી ઉપમા છે.

એમના વિશે ઘણું ઘણું લખાયું છે. બોલાયું છે. આ દિવસોમાં, આ શબ્દો માત્ર કહેવા ખાતર કહેલા શબ્દો નથી. ભારતની પ્રજાના હૃદયમાં આ મહાન સન્નારી ચિરકાળ સુધી આદરભર્યું સ્થાન પામશે.

ઇશ્વર એમના આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના........

દિનુભાઈ દવે



"રાષ્ટ્રની એકતા માટે કદાચ મારૂં મૃત્યુ થાય તો મને તેનું ગૌરવ છે. મને શ્રદ્ધા છે કે મારા રક્તનું એક એક બુંદ રાષ્ટ્રને મજબુત અને શક્તિશાળી બનાવશે."

ઇન્દિરા ગાંધી

## બાળકોના પ્યારા ઇન્દિરાજી



# ઇન્દીરાજીની માતૃભક્તિ

આપણા દેશના ખૂબ જ લોકપ્રિય વડાપ્રધાન સ્વ. **શ્રીમતી ઇન્દિરા ગાંધી** આપણા ભારતના વડાપ્રધાન હતા. તેઓ સ્ત્રી-પુરૂષના ભેદભાવ, ધર્મના ભેદભાવ અને નાત-જાતના ભેદભાવમાં માનતા નહીં અને તેના માટે તેમણે પોતાના જીવનની આહુતી આપી. આમ તેઓ વિચારોમાં આધુનિક હતાં.

છતાં એક પ્રસંગ જાણવા જેવો છે, કદાચ ઘણા ઓછાને ખબર હશે કે ઇન્દિરાજી રૂદ્રાક્ષની માળા ધારણ કરતા હતાં. રૂદ્રાક્ષની માળા સાધુ-સંતો, અંધશ્રદ્ધાળુઓ અને જુના વિચારવાળાઓ પહેરે ! ઇન્દિરાજી આમાના કંઇ પણ ન હતા છતાં આ શા માટે પહેરતા હશે ?

ઇન્દિરાજીના માતા કમલાદેવીએ ઇન્દિરાજીને તેમના મૃત્યુ વખતે આ માળા આપી હતી. ઇન્દિરાજીના પિતા જવાહરલાલ નહેરૂ દિવસ-રાત રાજકરણમાં વ્યસ્ત રહેતા કમલાદેવીને રાજકરણમાં રસ ન હતો ઇન્દિરાજી કિશોર વયે વિલાયત ભણવા ગયેલા આથી કમલાદેવીને ખૂબ એકલવાયુ લાગતું.

એક વાર કમલાદેવીને કલકતા જવાનું થયું તેઓ ખુશ થઇ ગયા કારણ કે તેમને પ્રવાસનો ખૂબ શોખ હતો. તે વખતે તેઓ ત્યા રહ્યા દરમ્યાન તેમને ખૂબ શાંતિમળી ત્યાં સ્વામી શ્રી શિવાનંદજી સાથે તેમનો પરિચય થયો આશ્રમમાંથી વિદાયવેળાએ સ્વામીજીએ મઠનીયાદગીગી રૂપે એક ગુલાબી રૂદ્રાક્ષની માળા કમળાદેવીને ભેટ આપી આ માળા તેઓ પોતાની સાથે જ રાખતાં.

ત્યારપછી તેઓ આખા ભારતનાં ફર્યા વિદેશોમાં ફર્યા પણ પેલી માળા તો સાથે જ રાખતાં.

પાછલી જીંદગીમાં કમળાદેવી માંદા પડયા તેઓ છેક જર્મની સારવાર માટે ગયાં પણ બચી શકયાં નહી તે વખતે ઇન્દિરાજી પોતાનીમાતાને મળવા વિલાયતથી આવ્યા માતાએ તેમણે પ્રાણુથી પણ પ્યારી રૂદ્રાક્ષની માળા આપી અને આશીર્વાદ આપ્યાં કે "બેટી હું જે પ્રાપ્ત કરી શકી નથી તે બધું જ તને મળી રહો"

કમલાદેવીની આંખો બંધ થઇ અને એ માતાની યાદમાં ઇન્દિરાજીએ જીવનભર આ માળા માતાની સ્મૃતિરૂપે રાખી.

**દીપાલી** હ. દવે ધોરણ ૭ अ

## પ્રિયદર્શીની ઇન્દિરા ગાંધી

મારી માતૃભૂમિ, મારો દેશ ભારત, જ્યાં અલગ અલગ ભાષાઓ બોલતા લોકો અને અલગ અલગ ધર્મ પાળતા લોકો વસે છે. ભારત ગુલામીની બેડીઓથી જકડાયેલો હતો. ત્યારે ઈ.સ. ૧૯૧૭ની નવેમ્બરની ૧૯મીએ ત્રિવેણી સંગમના સ્થાનસભા અલ્હાબાદના આનંદભુવનમાં એક કાશ્મીરી બ્રાહ્મિણ કુટુંબમાં પ્રિયદર્શીનીના જન્મ થયો હતો. તેઓ ધનવાન અને ખાનદાન માબાપના એક માત્ર પુત્રી હતા.

તેમનો અભ્યાસ લંડનમાં પૂરો થયો. તેમના પિતાશ્રી જવાહરલાલ નહેરુ ૧૯૪૭ની આઝાદી પછી ભારતના પહેલા વડાપ્રધાન બન્યા પરંતુ તેમના માતા કમલા આ દિવસ જોવા ન રહ્યા. ઇંદિરાજીનું લગ્ન ફિરોઝ ગાંધી નામના પારસી ગુજરાતી યુવાન સાથે થયું અને લગ્ન પછી છ માસમાં સ્વાતંત્ર્ય સંગ્રામ કારણે જેલમાં જવું પડેલું.

ઇન્દિરાજીએ પુજ્યા બાપુજી સાથે રહીને સત્ય અને અહિંસાના પાઠ પોતાના જીવનમાં વફાદારી, ધર્મની ભાવના અને ગરીબો પ્રત્યે સહાનુભૂતિ મમતાના પાઠ શીખ્યા હતા એવા ઇન્દિરાજી, લાલબહાદુર શાસ્ત્રીના અવસાન પછી ભારત દેશના પ્રથમ સ્રી વડાપ્રધાન બન્યા હતા.

શ્રીમતી ઇન્દિરા ગાંધીએ વડાપ્રધાન તરીકે જ નહીં પરંતુ ભારત દેશના અનેક બાળકોની મા બનીને તેમનામાં માયા અને મમતાનું સિંચન કર્યું. તેઓ ફક્ત તેમના પુત્રોના જ નહીં પરંતુ ભારત દેશના અનેક સપૂતોની મા બનીને હસ્તેમુખે શહીદી વહોરી લીધી. તેઓએ તેમના જીવનકાળ દરમ્યાન ઘણા મહાન કાર્યો કર્યા. ભારતદેશની આઝાદીની લડત દરમ્યાન તેમણે જેલવાસ ભોગવ્યો. ભારત દેશની અખંડિતતા અને એક્તા ટકાવવા માટે પોતાના લોહીના છેલ્લા બૂંદ સુધી પણ તેમણે લડત આપી તેમણે અવકાશક્ષેત્રે અનેકવિધ સિદ્ધિ હાંસલ કરી અને ભારતમાં તેમણે એશિયા ૮૨ની રમતો યાજી. સ્રી સંસ્થાઓને સાથ આપી સ્રીશક્તિને ઉત્તેજન આપ્યું અને મજૂરોની પ્રવૃત્તિઓને વેગ આપ્યો અને ભારતદેશને વિકાસશીલ દેશ બનાવી આગલી હરોળમાં સ્થાન અપાવ્યુ. આમ આથમતા સૂર્યના તેજ કિરણ સમા ઇન્દિરાજીનું અવસાન તેમના જ રક્ષકને હાથે ગોળીએથી વીંધાઇને ૩૧ ઓકટોબર બુધવાર ૧૯૮૪ ના રોજ થયું. એ ભારતનાં ઇતિહાસમાં એક કલંકરૂપ બનાવ હતો.

જબ તક સૂરજ ચાંદ રહેગા
ઇન્દિરાજી તેરા નામ રહેગા.

સેજલ દિલીપભાઇ શાહ ૭ અ

## સાચી શ્રદ્ધાંજલિ

"દાદાજી, જુઓ તો ખરા ઇન્દિરાજી દેખાયાં,હેં દાદાજી તમે તો કહેતા હતાં કે તેમની હત્યા થઇ પણ ઇન્દિરાજી તો જીવે છે! ... જુઓ કેટલા જલ્દી ચાલી રહ્યા છે એ!" ને નાનકડા રુચિરનાં મનમાં હજી બેસતું ન હતું કે ઇન્દિરાજી હવે આ દુનિયામાં નથી, ઇન્દિરાજી માટેનો તેનાં હૃદયનો પ્રેમ આ સત્ય સ્વીકારવા આનાકાની કરી રહ્યો હતો. અને એટલે જ દાદાજીએ તેને સમજાવવું પડયું કે "એ ફિલ્મ ઇન્દિરાજી જીવંત હતાં ત્યારે તેમની ઉતારેલી ફિલ્મ હતી. ખરેખર તો અત્યારે તે આપણી વચ્ચે નથી જ"

બાળકના હૃદયમાં કોઈ વ્યક્તિ માટેનો આવો પૂજ્યભાવ, પ્રેમ, માન હોય તે સાચે જ દેશને માટે એક સદ્‌ભાગ્યની વાત છે. કારણ આજનું બાળક એ ભાવિ નાગરિક, આજનું બાળક કોને ખબર કાલે દેશનો ઘડવૈયો પણ બને અને એટલે જ કોઈ વ્યક્તિ માટેની આ ભાવના ને આધારે એ બાળકનું આદર્શ ઘડતર થાય. જીવનની અમૂલ્ય પળોની કિંમત સમજાય, ને ઇન્દિરાજીની જેમ સતત ક્રિયાશીલ રહેવાની તમન્ના જાગે મનમાં પ્રવૃત્તિ અને પ્રગતિની લગની લાગે તો દેશનાં ઘડતરમાં કેવો સુંદર વળાંક લાવી શકાય. !

દરેક વ્યક્તિના જીવનની એકેએક પળ અમૂલ્ય છે. અને કર્તવ્યપાલન, ક્રિયાશીલતા તે જ તેનો જીવન મંત્ર જો બની રહે તો ફક્ત વ્યક્તિ જ નહી પણ રાષ્ટ્રના વિકાસનું ભાવિ પણ કેવું આશાસ્પદ નિવડે! અને આ જ જીવન-મંત્રની જ્યોતિ જો બાળકોનાં હૃદયમાં જાગૃત કરી શકીએ તેને જવલંત રાખી શકીએ તો તે જ શું ઇન્દિરાજીને સાચી શ્રદ્ધાજંલિ નથી. !

**ઉર્મિલા શાહ**

'હું એવા લોકોને પસંદ કરતો નથી જે પ્રયત્નશીલ ન હોય અને હાથ પર હાથ રાખીને બેસી રહે!
હું બિમાર અને કમજોરીને પસંદ નથી કરતો. કારણ કે બંને મનુષ્યના માનસ પર વિપરિત અસર કરે છે."

**શ્રી જવાહરલાલ નહેરુ**


**સંકલન : સપનાદલાલ ૬ બ**

---

હિંસા કરતાં ક્ષમામાં વધારે વીરત્વ છે.
ગ્રહણ કરતાં ત્યાગમાં વધારે વીરત્વ છે.

શ્રી રવિન્દ્રનાથ ટાગોર

શાળાનાં બાળકો ઉત્તર ભારતનાં પ્રવાસે ગયાં ત્યારે **શ્રીમતી ઇન્દિરા ગાંધી** સાથેની યાદગાર ક્ષણે



તા. ૧૨-૧૧-૮૪નાં રોજ શાળાનું નવું સત્ર શરૂ થયું પરંતુ તે દિવસે સ્વ. વડા પ્રધાન **શ્રીમતી ઇન્દિરા ગાંધી**ને શ્રદ્ધાંજલિ અર્પી શાળાનું શિક્ષણકાર્ય બંધ રાખવામાં આવ્યું હતું.

"યુદ્ધને કારણે અપનાવેલો અંધારપટ તો ટળ્યો છે.... પણ હજી ઘણાં હૈયાનો અંધારપટ દૂર કરવો પડશે."

શ્રીમતી ઇન્દિરા ગાંધી

**અંબાલાલ હરગોવનદાસ એન્ડ કંપનીના**

સૌજન્યથી....

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ હ. દવે. આચાર્ય અને નિયામક, શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટે. નં. ૪૧૨૭૮૮.